# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૪/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

.................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

**લિ.**

**મિડીયા સેલ**

ભાજપ–સુરત મહાનગર

- **૧૬૮–ચોર્યાસી વિધાનસભાના લોકલાડિલા ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર.**
- **કાંઠા વિસ્તારના સ્વપ્નદ્રષ્ટા સ્વ. રાજાભાઈની સુપુત્રી ઝંખનાબેન પટેલને મળી ગ્રામ્યજનોની આંખો ભરી આવી, આપ્યા વિજય ભવઃના આશિર્વાદ.**

ભારતીય જનતા પાર્ટી, ૧૬૮–ચોર્યાસી વિધાનસભાના લોકલાડિલા ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે.

શ્રીમતી ઝંખનાબેન પટેલે આજે શુક્રવારે પોતાના મત વિસ્તારમાં સમાવિષ્ટ ગામો ભાટપોર, ઈચ્છાપોર, કવાસ, ભટલાઈ, હજીરા, મોરા, સુંવાલી વિસ્તારોની મુલાકાત લીધી અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી તથા કલ્યાણકારી કામગીરીનો ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો.

ચૂંટણી પ્રચાર દરમ્યાન કાંઠા વિસ્તારના મોભી એવા સ્વપ્ન દ્રષ્ટા સ્વ. રાજાભાઈ પટેલના સુપુત્રી ઝંખનાબેન પટેલને જોતા જ ગ્રામ્યજનોની આંખો ભરી આવી હતી અને જુની યાદો ફરી તાજી થતા ગ્રામ્યજનોએ પુનઃ એકવાર શ્રીમતી ઝંખનાબેન પટેલને ખોબે ખોબા મત આપી વિજય ભવઃના આશિર્વાદ આપ્યા હતા.

ચૂંટણી પ્રચાર દરમ્યાન કાંઠા વિસ્તારમાં વસતા કોળી પટેલ સમાજના મોભીઓએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ ઝંખનાબેનને પુનઃ ઉમેદવાર તરીકે મોકો આપી 'અડીખમ

ગુજરાત', 'હું છું વિકાસ, હું છું ગુજરાત'ની વિકાસગાથાને અવિરત રાખી છે. ઝંખનાબેન સૌથી વધારે લીડથી જીતી ગુજરાત વિધાનસભામાં અમારા ચોર્યાસી મતક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરે એવી શુભેચ્છા.



